
## જન્મદિને વધામણી



જગદીશકુમાર ઘનશ્યામભાઈ સોની મો. ૯૪૦૮૭ ૭૭૫૬૬



સોનલબેન જગદીશકુમાર સોની



જે સી દરજી



અદ્વૈત વ્યાસ

# હારીજમાં દોઢ દિવસમાં આઠ ઈંચ વરસાદ

દેશના ૭૩માં સ્વાતંત્રતા દિન અને ભાઈ બહેનના પવિત્ર દિવસ રક્ષાબંધનના પર્વની ઉજવણી સાથે-સાથે પાટણ જિલ્લાના હારીજ ખાતે આજે વહેલી સવારથી જ મેઘરાજાની પધરામણી થતાં ધોધમાર વરસાદ શરૂ થયો હતો. જે ગુરૂવાર સવારે છથી તે શુક્રવાર સવારે ૬ વાગ્યા સુધીમાં ૫ ઈંચ વરસાદ પડ્યો છે અને પછી પણ બે ઈંચ પડતા કુલ આઠથી નવ ઈંચ જેટલો વરસાદ પડતા જ્યાં જુઓ ત્યાં પાણી પાણી કરી મુક્યા હતા. હારીજ ખાતે દોઢ દિવસમાં આઠ ઈંચ વરસાદ પડતાં ત્રણ દરવાજાથી જલારામ પાર્ક સુધી પાણી ભરાયા હતા. જેમાં જલારામ પાર્કમાં રસ્તા પરના મકાનોમાં પાણી ઘરમાં ના ઘૂસે તે માટે લોકોએ પાળા કરવા પડ્યા હતા. જ્યારે બેચરાજી બાયપાસ રોડ ઉપર ભીલપુરા રોડ પર પાણી ભરાતા અનેક વાહનો, બાઈકચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા. સમગ્ર દિવસ દરમિયાનના સાધનો વાહન વ્યવહાર ખોરવાઈ ગયો હતો. બેચરાજી બાયપાસ રોડ પર આવેલી શિવવિલા, હસ્તિનાપુર, સોસાયટીમાં પાણી ભરાઈ ગયા હતા. હસ્તિનાપુર રહેણાંક મકાનોમાં પાણી ફરી વળતાં ભારે મુશ્કેલી સર્જાઇ હતી. સોમનાથનગર રસ્તાઓમાં પાણી ભરાઈ ગયા હતા. હારીજ પંથકમાં ઠેર-ઠેર પાણી જ પાણીના દ્રશ્યો જોવા મળ્યા હતા. રાજ્યમાં વરસી રહેલા વરસાદે વરસાદી માહૌલ સાથે છેલ્લા ચોવીસ કલાકમાં ૪૬ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસાવ્યો છે. સાબરકાંઠા જિલ્લાના પોશીનામાં ૧૫૫ મીમી અને મહેસાણા જિલ્લાના સતલાસણામાં ૧૪૬ મીમી મળી બે તાલુકાઓમાં ૬ ઈંચ અને પાટણ જિલ્લાના હારીજમાં ૧૨૫ મીમી એટલે કે પાંચ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.

# છોટાઉદેપુરમાં ઉલ્લાસપૂર્વક સ્વતંત્રતા દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૬

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ છોટા ઉદેપુર ખાતે રાષ્ટ્ર ધ્વજ ફરકાવીને ૭૩માં આઝાદી પર્વની ઉજવણી કરી છે. અહીં જનશક્તિના અદમ્ય ઉત્સાહ અને ઉમંગ સાથે થયેલી રાજ્ય ઉજવણીથી રાષ્ટ્રચેતનાનો અદ્ભૂત સંચાર થયો છે. મુખ્યમંત્રીએ કાશ્મીરમાંથી અનુચ્છેદ ૩૭૦ અને ૩૫-એ કલમ નાબૂદ કરવાના કારણે આ વખતની ૧૫મી ઓગસ્ટની ઉજવણીને ઐતિહાસિક ગણાવી હતી.ઉક્ત સંદર્ભમાં મુખ્યમંત્રી રૂપાણીએ જણાવ્યું કે, કાશ્મીરમાં ૩૭૦ની કલમ ૩૫-એના કારણે જાણે કાશ્મીર ભારતથી અલગ હોય એવું સ્ટેટ બન્યું હોય એવું સમગ્ર દેશને લાગતું હતું. કાશ્મીરના અલગ દરજ્જાએ આપણા દેશમાં અલગતાવાદ ઉભો કર્યો. ડાૅ. શ્યામાપ્રસાદ મુખરજીએ શહાદત વહોરીને કાશ્મીર માટે લડાઈ લડ્યા હતા. કાશ્મીરી ઘાટીમાં સાત સાત



દાયકા સુધી અલગતાવાદીઓ આતંકવાદને વધારતા ગયા. ૪૧ હજારથી વધુ નિર્દોષ લોકો આતંકનો ભોગ બન્યા, જાન ગુમાવ્યા. કાશ્મીર સાત દાયકાથી વિકાસથી વંચિત રહ્યું હતું.

ગુજરાતના બે નરબંકાઓ પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહ મંત્રી અમિત શાહે ૭૨ વર્ષ પછી ૫મી ઓગસ્ટ, ૨૦૧૯એ પૂર્ણ સ્વરાજનું સ્વપ્ન સાકાર કર્યું છે. તેથી ૩૭૦ની કલમ હટાવી, ૩૫એ કલમ દૂર કરી અને સવાસો કરોડ ભારતીયો માટે ખરા અર્થમાં આ ૭૩મું આઝાદી પર્વ એક ઐતિહાસિક પર્વ બની ગયું છે. સરકારના શાસનસૂત્રને સ્પષ્ટ શબ્દોમાં જણાવતા મુખ્યમંત્રીએ કહ્યું કે, ગુજરાતમાં પણ આ સરકારે ગાંધી, સરદાર, નરેન્દ્ર મોદી, અમિત શાહના પદચિન્હો પર ચાલીને સ્વરાજ્ય પછી સુરાજ્ય ગુડ-ગવર્નન્સની નવતર કેડી પ્રસ્થાપિત કરી છે. આઝાદી પહેલા ''ડાઈ ફોર ધ નેશન'' અને હવે ''લિવ ફોર ધ નેશન''નો મંત્ર જન જનમાં ગૂંજતો કર્યો છે. દેશમાં પોલીટીકલ ડેવલપમેન્ટના નવો યુગ - વિકાસની રાજનીતિ ગુજરાતે પ્રસ્થાપિત કરી છે. તેમણે ઉમેર્યું કે, સરકાર લોકો માટે, લોકો વડે, લોકો થકી, લોકોના સપનાઓને સિદ્ધ કરે, જ્ઞાતિ-જાતિ, ભાષા-ધર્મ- પ્રાંત-પ્રદેશથી ઉપર ઉઠીને સામાજિક સમરસતા-સૌહાર્દથી સૌના સાથ અને સૌના વિકાસને સાકાર કરનારી આ સરકાર છે.



## ડીસામાં મકાન ધરાસાઈ...

બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક ડીસામાં છેલ્લા ત્રણ દિવસથી સતત ધીમી ધારે વરસાદ પડી રહ્યો છે તેથી સૂરજ દાદાના દર્શન પણ દુર્લભ બની ગયા છે જેના કારણે રોજ કમાઈને રોજ ખાતા પરિવારોની હાલત દયનિય બની ગઈ છે તેમાં પણ અવિરત વરસાદ સામે ઝીંક ઝીલી ન શકતા અનેક વૃક્ષો જમીન દોસ્ત થયા હોવાના અહેવાલો સાંપડે છે તેમાં શહેરના એસ.સી.ડબ્લ્યુ. હાઈસ્કૂલ પાસે રહેતા કમલેશભાઈ કરશનભાઈ રબારીનું નાનું મકાન પડી જવા સાથે તેની બાજુમાં પાર્ક કરેલ એકટીવા પણ ભાંગી ગયું હતું તેથી પરિવારની હાલત કફોડી બનવા પામી છે બીજી બાજુ સતત વરસાદથી ખાસ કરીને ગૃહિણીઓ કંટાળી ઉઠી છે તેથી વહુ અને વરસાદને જશ નહિ ઉક્તિ સાચી ઠરી છે.



## ધાનેરામાં પાણી... પાણી...

ધાનેરામાં વરસાદ લઈ સમગ્ર ધાનેરા શહેરમાં પાણી પાણી થઈ ગયું છે જાહેર રસ્તા ઉપર પાણી ભરાઈ જતા પાલિકાનું તંત્ર પણ દોડતું થયું છે અને પાણીનો નિકાલ કરવાના કામે લાગ્યું છે. સમગ્ર ગુજરાતમાં સારો એવો વરસાદ છે પણ ધાનેરા વિસ્તારમાં પૂરતા પ્રમાણમાં વરસાદ ન વરસતા લોકો અને ખેડૂતો ચિંતાતુર બની ગયા હતા પરંતુ છેલ્લા બે દિવસથી ધાનેરા વિસ્તારમાં ઝરમર ઝરમર વરસાદ વરસી રહ્યો હતો પરંતુ આજે મેઘરાજા મનમુકીને વરસતા સમગ્ર ધાનેરા શહેરમાં પાણી પાણી થઈ ગયું હતું અને ઢીંચણ સમા પાણી ભરાઈ જતા પાલિકાનું તંત્ર પણ દોડતું થયું હતું અને પાણીના નિકાલ માટેની તજવીજ હતી સારો એવો વરસાદ વરસતા લોકો અને ખેડૂતોમાં પણ ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

# બિલ્ડરે પોતાની સોસાયટીમાં પાણી ન ભરાઈ જાય તે માટે જાહેર રસ્તા પર પૂરણ કર્યું

### મીડિયામાં અહેવાલ બહાર આવતા સામાન્ય પુરાણ દૂર કર્યું : આ જ બિલ્ડરે ધાનેરામાં મધુસુદન માર્કેટ નામનું શોપિંગ બનાવ્યું હતું

ધાનેરામાં એક બિલ્ડરે પોતાની સોસાયટીમાં પાણી ન ભરાઈ જાય તે માટે જાહેર રસ્તા પર પૂરણ કરી દેતા અવર જવર કરતા લોકો મુશ્કેલીમાં મુકાયા છે આ બાબત ને મીડિયા દ્વારા બહાર લાવતા બિલ્ડરે સામાન્ય પૂરણ દૂર કર્યું છે પરંતુ અત્યારે પણ વરસાદ વર્ષે તો લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

ધાનેરાના આશીયા રોડ ઉપર નીતિન પટેલ નામના બિલ્ડર ધ્વરા સોસાયટી બનવાનું કામ ચાલી રહ્યું છે અને આ સોસાયટીમાં વરસાદી પાણી ન ભરાઈ જાય તે માટે બિલ્ડર ધ્વરા સોસાયટીના ગેટ આગળ જ રેતીનું પુરાણ કરી દેતા અવરજવર કરતા લોકો મુશ્કેલીમાં મુકાયા છે સામાન્ય વરસાદ વરસે તો પણ આ જગ્યા ઉપર પાણી ભરાઈ જાય છે લોકો વિદ્યાર્થી અને ઈમર્જન્સી વાળાને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે ત્યારે હવે તમે પણ સાંભળો કે લોકો શું કહે છે.

પહેલા પણ આવી જ પરિસ્થિતિ સર્જાઈ હતી અને પાંચ ફૂટ જેટલું પુરાણ કર્યું હતું



અને વરસાદી પાણી ભરાઈ જતા રસ્તો બંધ થઈ ગયો હતો ત્યારે સમગ્ર બાબત ને મીડિયા દ્વારા બહાર લાવતા આ બિલ્ડરે માત્ર સામાન્ય પૂરણ દૂર કર્યું છે તો લગતા વળગતા અધિકારીઓ ચકાશની કરી કાયદેસર ના પગલાં ભારે તેવી લોક માંગ ઉઠવા પામી છે. અત્યારે ધાનેરાના લોકોમાં એક જ વાત સાંભળવા મળી રહી છે કે જગ્યા ઉપર સોસાયટી બની રહી છે તે જગ્યા નીચાણવાળી છે અને ત્યાં વારંવાર વરસાદી પાણી ભરાઈ જાય છે તો મકાન ખરીદનાર લોકોને ખબર ન પડે તે માટે સોસાયટીના ગેટ આગળ પૂરણ કરાયું છે જો આ વાત સત્ય હોય તો ખુબ જ શરમજનક કહેવાય. આ જ બિલ્ડર ધ્વરા ધાનેરા ના બસસ્ટેશનની સામે મધુસુદન માર્કેટ નામનું શોપિંગ બનાવ્યું હતું અને લોકોને દુકાનો પધરાવી હતી પરંતુ દુકાન ખરીદનાર આજે પણ પસ્તાય છે કેમ કે આ શોપિંગમાં કોઈ જ સુવિધા નથી. લાઈટના વાયરો ખુલ્લા વારંવાર શોર્ટશર્કિટ થાય અને આગ લાગે, શોચાલય પણ નથી, પાર્કિંગની સુવિધાનો પણ ખુબ જ અભાવ જોવા મળી રહ્યો છે અને લોકો તેમની મુશ્કેલી આ બિલ્ડરને જણાવે તો લોકોને ઉડાઉ જવાબ આપી હાથ અધ્ધર કરે છે ત્યારે લોકો ઈચ્છી રહ્યા છે કે તંત્ર આ બાબતે તટસ્થ તાપસ કરે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

## ટીંટોડા-અમરાપુર ગામની સીમમાંથી બંદુક સાથે ડફેર ઝડપાયો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર નજીક આવેલા પેથાપુર પોલીસ મથકના વિસ્તારમાં આવેલા ટીંટોડા અમરાપુર ગામની સીમમાંથી ગેરકાયેદસર દેશી બનાવટની બંદુક સાથે એક શખ્સને પેથાપુર પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ પેથાપુર પોલીસ મથકના પીએસઆઈ એ.જી.એનુરકાર, પો.કો.ધીરેન્દ્રસિંહ બહાદુરસિંહ, જયપાલસિંહ રાજેન્દ્રસિંહ, અ.પો.કો. સિધ્ધરાજસિંહ અર્જુનસિંહ, અનિલસિંહ દલપબતસિંહ સહિતના ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે ટીંટોડા ગામના પેટાપરા અમરાપુર ગામની સીમમાં એક શખ્સ ગેરકાયદેસર બંદુક સાથે ફરે છે. પોલીસે બાતમીવાળી જગ્યાએ તપાસ કરતા પોલીસને તૈયબ દોસણ સિંધી (ડફેર) (રહે.રેથલગામ તા.સાણંદ)ને પકડી પાડી તેની પાસેથી ગેરકાયદેસર દેશી બનાવટની લાકડાના હાથવાળી લોખંડની બેરલ બંદુક કિં.રૂ.૨૦૦૦ ની કબ્જે કરી તેના સામે પેથાપુર પોલીસ મથકમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# મોડાસા જી.આઈ.ડી.સી. પાસે ટ્રક ટેમ્પો વચ્ચે ગમખ્વાર અકસ્માત

રાજ્યમાં અકસ્માતોનું પ્રમાણ તો દિવસેને દિવસે વધી રહ્યું છે, અરવલ્લીના મોડાસા જી.આઈ.ડી.સી નજીક મોડી રાત્રે ટ્રક અને ટેમ્પો ધડાકાભેર અથડાયા હતા. ટક્કર એટલી જોરદાર હતી કે ટેમ્પોના ચાલક અને ક્લીનરનું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું.

અકસ્માતની ઘટનાના પગલે દોડી આવેલી મોડાસા ટાઉન પોલીસે બંને મૃતકની લાશને પીએમ માટે દવાખાને ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી ટ્રક સાથે અકસ્માત બાદ ટેમ્પોની કેબિનનો ભુક્કો થઈ ગયો હતો.અકસ્માત સર્જી ટ્રક ચાલક ટ્રક ઘટનાસ્થળે મૂકી ફરાર થઈ ગયો હતો. રક્ષાબંધનની મોડી રાત્રે મોડાસા હજીરા વિસ્તારમાં ટ્રક-ટેમ્પો વચ્ચે ગમખ્વાર અકસ્માત થતા બે લોકોના ઘટનાસ્થળે મોત નિપજ્યા હતા શામળાજી તરફથી આવતા ટ્રકના ચાલકે ગફલતભરી રીતે હંકારી મોડાસા તરફથી શામળાજી તરફ જઈ રહેલા ટેમ્પા (ગાડી. નં - ય્ન ૧૬ ફ ૬૨૦૩)ને ધડાકાભેર ટક્કર મારતા ટેમ્પાના કેબિનનો કડૂચાલો વળી જતા ટેમ્પો ચાલક મહેશભાઈ



ઉર્ફે દીતો મણાભાઈ ડામોર (ઉં.વર્ષ-૨૫) તથા ગિરીશ ઉર્ફે ટીનીયો નાનાભાઈ નાયક (ઉં.વર્ષ-૨૬)ના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું અકસ્માતના પગલે દોડી આવેલ મોડાસા ટાઉન પોલીસે બંને મૃતકોની લાશને પીએમ માટે ખસેડી દીધા હતા. મોડાસા ટાઉન પોલીસે દેવેન્દ્ર કુમાર મણાભાઈ ડામોરની ફરિયાદના આધારે ટ્રક ચાલક વિરુદ્ધ અકસ્માતે મોત નો ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

# બીએસએફના ૧૫ ઉમેદવારો સામે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ

ગાંધીનગર-ચિલોડા માર્ગ પર બીએસએફ કેમ્પ ખાતે ગત તા.૧૩ ઓગસ્ટના રોજ ભરતી માટેની ફિઝિકલ ટેસ્ટ યોજાઈ હતી. આ ટેસ્ટમાં ત્રણસોથી વધુ ઉમેદવારોના ફીંગરપ્રિન્ટ લીધા હતા. જેમાં ૧૫ જેટલા ઉમેદવારોના ફિંગરપ્રિન્ટ મેચ થતા ન હતા. લેખિત સમયે આપેલા ફિંગરપ્રિન્ટ અને આ ફિઝીકલ સમયે લીધેલા ફીંગરપિન્ટ મેચ થતા ન હતા. ચિલોડા પોલીસ મથકે છેંતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો તમામ ૧૫ ઉમેદવારો સામે નોંધાયો છે.

મનજીતસિંગ મનમોહનસિંગ (ઉં.વ.૫૩ રહે.જોટાણા જી. મહેસાણા) ૧૫૪ બટાલીયનમાં બીએસએફમાં કમાન્ડર તરીકે નોકરી કરે છે. જેઓ હાલ કોન્સ્ટેબલ જનરલ ડયુટી ભરતી બોર્ડમાં પ્રિસાઈડીંગ ઓફિસર તરીકે ગાંધીનગર આવ્યા છે. લેખિત અને ફિઝિકલ પરિક્ષા સમયે લેવાયેલા ફીંગરપ્રિન્ટ અને ફોટો મેચ થતા ન હોય તેવા ૧૫ ઉમેદવારોને અલગ બેસાડવામાં આવ્યા હતા. જેમાં ડીસા ભોયણ ગામનો સુનિલ રામઅવતાર રાવત, અલવર શિહોણાનો હકમુદીન ખુશીલાખાન મુસ્લિમ, રાહુલ મોકમસીંગ જાટ માનોતાકલા અલવર, રાહુલ મહેશચંદ જાટ મોટીડુંગરી અલવર, જગવીર શ્રીમાન ગુર્જર ચાંદપુર અલવર, મહેશ નંદરામ જાટ ઈન્દીરા કોલોની અલવર, પુષ્પેન્દ્રિસંહ શિયારામ ગુર્જર તેલમંડી અલવર, સોકીલ કમરુદીન ફરીકર અલવર, અતુલ મદનમોહન શર્મા જાવલી અલવર, ધનેશ ભગવાનસિંગ ગુર્જર નંદવાઈ ભરતપુર, ધરમવીર શ્રીરામ ગુર્જર નાગલસોઢા હરીયાણા, વિરેન્દ્રસિંહ ભોલારામ યાદવ દંતાલ હરીયાણા, હંસરાજ જગદીશ ગુર્જર મોસૈરીલતા હરીયાણા, મોહિદ નિરંજના જાટ લાલપુર મથુરા,નો સમાવેશ થાય છે.

### હળવા કરાશે... ● અનુસંધાન પહેલ્લાનું ચાલુ

મુજબ કેટલાક લોકોને સુરક્ષા કારણોસર અટકાયતમાં રખાયા હતાં. તેમણે વધુમાં કહ્યું કે પાકિસ્તાન સતત કાશ્મીરનો માહોલ બગાડવાની કોશિશ કરી રહ્યું છે. પરંતુ તેને તેમા સફળતા મળી નથી. આ દરમિયાન તેમણે લશ્કર એ તૈયબા, હિજબુલ જેવા આતંકી સંગઠનોનું પણ નામ લીધુ. તેમણે આ સાથે કહ્યું કે ઘાટીમાં ધીરે ધીરે હાલાત સામાન્ય થઈ રહ્યાં છે. અમે પ્રતિબંધો પણ હટાવી રહ્યાં છીએ. સ્થિતિની સમિક્ષા કરીને આગળ નિર્ણય લેવામાં આવશે. પાકિસ્તાનના દુષ્પ્રાચર પર મુખ્ય સચિવે કહ્યું હતું કે, સરહદ પારથી પ્રાયોજિત આતંકવાદ ખીણમાં સતત અલગાવવાદી તાકાતોને ઉશ્કેરવાના પ્રયત્નો કરી રહી છે. આજ કારણસર પ્રદેશમાં કેટલીક વાર સુરક્ષા કારણોસરો નિયંત્રણો લાદવામાં આવી ચુક્યા છે.

### રણશિંગુ... ● અનુસંધાન પહેલ્લાનું ચાલુ

બનાવીશું. તેમણે જમ્મુ અને કાશ્મીરમાંથી મોદી સરકાર દ્વારા કલમ ૩૭૦ હટાવવાના મામલે કોંગ્રેસ ઉપર નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે જે કામ ૭૦ વર્ષમાં ન થયું તે અમે ૭૫ દિવસમાં કરી બતાવ્યું. જીંદના એકલવ્ય સ્ટેડિયમમાં ભાજપ તરફથી આયોજિત આસ્થા રેલીમાં અમિત શાહે લોકોને સંબોધિત કરતા કહ્યું કે મોદીજીએ ક્યારેય વોટબેંકની લાલચ કરી નથી. ભાજપે ૩૭૦ મતો મેળવી કલમ ૩૭૦ હટાવી. કલમ ૩૭૦ હટ્યા બાદ જમ્મુ અને કાશ્મીરના વિકાસ માટે જે પથ્થર હતો તે હવે હટી ગયો છે અને મોદીજીના નેતૃત્વમાં હવે જમ્મુ અને કાશ્મીર તથા લદ્દાખ વિકાસના રસ્તે આગળ વધશે. તેમણે કહ્યું કે જે કામ અન્ય સરકારો પાંચ વર્ષમાં નથી કરતી તે કામ મોદી સરકારે ૭૫ દિવસમાં પૂરું કર્યું છે. સૌથી મોટું કામ સરદાર પટેલનું સપનું હતું કે દેશ અખંડ ભારત બને અને તેમાં કલમ ૩૭૦ એક અડચણ હતી. ૩૭૦ ને હટાવવાનું કામ ૭૦ વર્ષ સુધી કોંગ્રેસની સરકારો જે વોટબેંકની લાલચમાં આવીને ન કરી શકે તે કામ મોદી સરકારે ૭૫ દિવસમાં કરી બતાવ્યું. અમિત શાહે કહ્યું કે નરેન્દ્ર મોદીજીએ સ્વતંત્રતા દિવસ પર ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફની જાહેરાત કરી છે. અનેક વર્ષોથી તેની ભલામણ થતી રહી પરંતુ તેની જાહેરાત ક્યારેય થઈ શકી નહી.

### પાળતા નથી... ● અનુસંધાન પહેલ્લાનું ચાલુ

પણ નથી. હવે સમય સમસ્યાઓને ટાળવા અને પાળવાનો રહ્યો નથી. દેશવાસીઓ દ્વારા જે કામ સોંપવામાં આવ્યુ છે તે કામ પૂર્ણ કરી રહ્યા છીએ. તેમણે કહ્યુ હતુ કે નવી સરકારને હજુ ૧૦ સપ્તાહનો પણ સમય થયો નથી ત્યારે અનેક નાના મોટા નિર્ણય કરવામાં આવ્યા છે. ત્રિપલ તલાક બિલ પાસ કરવામાં આવ્યુ છે. મોદીએ વસ્તી વિસ્ફોટ અંદે ચિંતા વ્યક્ત કરી હતી. પ્રથમ વખત મોદીએ વસ્તી વિસ્ફોટકનો મુદ્દો ઉઠાવ્યો હતો. મોદીએ પોતાના લાંબા ભાષણમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય અભિયાન, ગગનયાન અને સેનામાં પુરૂષોની જેમ મહિલાઓને સ્થાયી સેવાની વાત કરી હતી.મોદીએ અગાઉની સ્થિતી અને આજની સ્થિતી રજૂ કરીને અગાઉની સરકારો પર પ્રહારો કર્યા હતા. મોદીએકહ્યુ હતુ કે કાયદાનુ શાસન સર્વોચ્ચ છે. મોદીએ નવી અવધિમાં આવ્યા બાદ પોતાના પ્રથમ ભાષણમાં કહ્યુ હતુ કે કેન્દ્ર સરકારનુ સંપૂર્ણ ધ્યાન વિકાસ પર કેન્દ્રિત છે. મોદીએ વર્ષ ૨૦૨૨ સુધી ન્યુ ઈન્ડિયા બનાવવા માટેની પણ અપીલ કરી હતી.મોદીએ કહ્યુ હતુ કે હવે સ્વતંત્રતાના ૭૫ વર્ષ બાદ પોતાની સામૂહિક સંકલ્પશક્તિ, સામૂહિક પ્રતિબદ્ધતા મારફતે દેશને આગળ વધારી દેવા ઈચ્છીએ છીએ. સામૂહિકતાની શક્તિ શુ હોય છે ત બાબત તમામ લોકો જાણે છે. મોંઘવારી પર અંકુશ મુકવાની દિશામાં પહેલ થઈ છે. ઘર બનાવવા માટે ઓછા વ્યાજે પૈસા આપવામાં આવી રહ્યા છે. આજે સરકાર જે કહે છે તે કરવા માટે સકલ્પબદ્ધ પણ છે. આજે દુનિયામાં ભારતની પ્રતિષ્ઠા વધી છે. હવાલા કારોબારીઓ અંગે માહિતી મળી રહી છે.

### ખાસ ગ્રામસભાઓ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કામો હાથ ધરવાનું આયોજન કરવામાં આવ્યુ છે. આ માટે જિલ્લાને પાંચ બ્લોકમાં વિભાજીત કરવામાં આવેલ છે. જિલ્લામાં જળ સંચય માટે રાજ્ય સરકારે સુજલામ સુફલામ યોજના તો કેન્દ્ર સરકારે જળશક્તિ અભિયાન અમલમાં મુક્યુ છે. જ્યાં ભૂગર્ભ જળના સ્તર નીચે ગયા છે તેવા ૨૫૬ જિલ્લાઓ દેશભરમાં પસંદગી પામ્યા છે. જેમાં ગુજરાતના ગાંધીનગર સહિતના પાંચ જિલ્લાનો સમાવેશ થાય છે જે ઉલ્લેખનીય છે.

### કકળાટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દેવાયુ છે. જેના લીધે શનિવારે સવારથી પાણીમાં મોટાભાગે ડહોળાશનુ પ્રમાણ ઘટી જશે. આ ઉપરાંત રો વોટર તેમજ શુધ્ધ પાણીના નમુનાની પણ પાણી પુરવઠા વિભાગ દ્વારા પુરતી તપાસ કરવામાં આવે છે. જેના અંતે પીવાલાયક પાણી જ સપ્લાય કરવામાં આવે છે.

શહેરમાં હાલ સરીતાની ટાંકીમાંથી રોજ ૨૬ એમ એલ ડી પાણી સપ્લાય કરવામાં આવે છે. જયારે ૨૮ એમ એલ ડી ચરેડી ટાંકીમાંથી સપ્લાય થાય છે. પ્રતિદિન ૫ કરોડ ૪૦ લાખ લીટર નર્મદાનુ પાણી સપ્લાય કરવામાં આવે છે. આ ઉપરાંત સેકટરોમાં પાણીની જરૂરિયાતને ધ્યાને લઈ પાટનગર યોજના વિભાગ દ્વારા ટયુબવેલનુ પાણી પણ જરૂર મુજબ સપ્લાય કરવામાં આવે છે. શહેરમા સપ્લાય થતા પાણીમાંથી ડહોળાશ દુર કરવા માટે પુરતા પ્રયાસો હાથ ધરાયા છે. જયારે કેનાલમાં પાણીનો સપ્લાય પણ ઘટાડી દેવાયો છે. આ ઉપરાંત કલોરાઈડની માત્રા પણ વધારી દેવામાં આવી છે. જેના લીધે શનિવારથી અત્યંત ડહોળા પાણીની ફરિયાદોનુ પણ નિવારણ આવી જશે. પરંતુ કેનાલમાં પાણીનો ફોર્સ વધતા ડહોળા પાણીની સમસ્યા હજુ ૧૫ દિવસ રહેશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

### પ્રમુખ કોચ... ● અનુસંધાન પહેલ્લાનું ચાલુ

અંક આપ્યા હતા. કપિલ દેવે કહ્યું હતું કે, શાસ્ત્રી ક્યાં સુધી કોચ તરીકે રહેશે અને અન્ય કઈ શરતો રહેશે તે અંગે બોર્ડ માહિતી આપશે. અમે અમારા માપદંડો પર આંક આપ્યા છે અને બાકી બાબતો બીસીસીઆઈ નક્કી કરશે. અંશુમન ગાયકવાડે કહ્યું હતું કે, શાસ્ત્રી પહેલાથી જ ટીમની સાથે છે. તેઓ ટીમને જાણે છે અને તેમની પાસે પ્લાન પણ છે. શાસ્ત્રી ખેલાડીઓ અને સિસ્ટમને ખુબ સારી રીતે જાણે છે અને તેમની સાથે સારુ રહ્યું છે. મુખ્ય કોચ તરીકેની દાવેદારીમાં કુલ છ નામ હતા જેમાં રોબિન સિંહ, માઈક હેસન, લાલચંદ રાજપૂત, ફિલ સિમન્સ, ટોમ મુડી અને રવિ શાસ્ત્રીનો સમાવેશ થાય છે.સિમન્સે શુક્રવારે જ પોતાનું નામ પાછુ ખેંચી લીધું હતું. કપિલ દેવે કહ્યું હતું કે, જો કે, રવિશાસ્ત્રીને કોચ બનાવવા અંગે કેપ્ટનની રાય લેવામાં આવી નથી. તેમણે કહ્યું હતું કે, કેપ્ટન વિરાટ કોહલીએ ખુલ્લા મનથી શાસ્ત્રીને ફરી કોચ બનાવવા અંગે રજૂઆત કરી હતી. તેમણે વેસ્ટઈન્ડિઝ પ્રવાસ પર જતા પહેલા પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે, જો શાસ્ત્રી ફરીવાર કોચ બનશે તો તેમને ખુશી થશે. આગામી બે વર્ષમાં ભારતીય ટીમ સતત બે વર્લ્ડ ટી-૨૦માં ભાગ લેનાર છે.

### ગોળીબાર... ● અનુસંધાન પહેલ્લાનું ચાલુ

કોઈ પણ ઉશ્કેરણીવગર ગોળીબાર કરવામાં આવ્યો હતો. ભારતે જોરદાર જવાબી કાર્યવાહી કરી હતી. જેમાં પાકિસ્તાની સેનાને ભારે નુકસાન થયુ હતુ. તેના ૬ જવાનો માર્યા ગયા હોવાના હેવાલ મળ્યા છે. પાકિસ્તાન દ્વારા અવિરત ગોળીબાર જારી રાખવામાં આવ્યો છે. જમ્મુ કાશ્મીરને બે ભાગમાં વિભાજિત કરવામાં આવ્યા બાદ પાકિસ્તાન ભારે લાલઘુમ છે. તેના દ્વારા તમામ પ્રકારના ઉશ્કેરણીજનક કૃત્યો કરવામાં આવી રહ્યા છે.